શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા

‘સપ્તપદી’નાં પોસ્ટર સોશિયલ મીડિયામાં મુક્યાં

ગાંધીનગર, તા. ૧૬

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ભાટનાં સ્ટાફ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ લોકડાઉનમાં આપેલ ‘સપ્તપદી’ નાં સાત વચન ને પોસ્ટર સાથે સોશિયલ મીડિયા માં રજુ કાર્ય હતા. આજે જયારે વિશ્વ કોરોના મહામારી માં લડી રહ્યો છે ત્યારે ભારત માં લોકો સોશિયલ ડિસ્ટન્સ નું પાલન કરે અને સમાજ નાં દરેક વર્ગ ને મદદ રૂપ થાય. સ્ટાફ દ્વારા આ સાત વચનોને પોતાના ઘરે થી પેપર પર મેસેજ લખી ફોટો પડી અને ટેક્નોલોજી દ્વારા ગ્રુપ ફોટો બનાવી સપ્તપદીનાં સાત પોસ્ટર બનાવી સોશિયલ મીડિયા માં વિધાર્થીઓ અને તેમના પરિવારને મોકલી જાગૃત કર્યા હતા. કોલેજ દ્વારા ઓનલાઈન અભ્યાસ સાથે વર્ચુલ-લેબ કે જે આઈ. આઈ. ટી. સલંગ્ન છે તેના દ્વારા પ્રેક્ટિકલ કરાવામાં આવે છે. આમ અભ્યાસ સાથે કોરોના સામેની લડત માં સમાજ માં સપ્તપદી નાં સાત વચનો જેવા કે વૃદ્ધો નું ધ્યાન રાખવું, ઘર માં બનેલ ફેસ-કવર કે માસ્કનો ઉપયોગ કરવો, આયુષ દ્વારા આપેલ રીતે રોગ પ્રતિકારક શક્તિ વધારવી, આરોગ્ય સેતુ મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવી અને કરાવવી, ગરીબો અને જરૂરિયાત લોકોને મદદ કરવી, વ્યવસાય-ઉદ્યોગ માં નોકરિયાત વર્ગ નું ધ્યાન રાખવું અને દેશનાં કોરોના યોદ્ધાઓ ડોક્ટર, નર્સીસ, સફાઈ કર્મચારી, પોલીસ કર્મચારીનું સન્માન કરવું. આ વચનોને લોકો સુધી પોહચાડીને સમાજ જાગૃતિ માટે સોશિયલ મીડિયામાં પોસ્ટર બનાવી મુક્યાં હતા.

ડાયરેક્ટ સે

જ્ઞાન વ્યક્તિને પવિત્રતા બક્ષે છે, પવિત્ર મન જીવન ઘડતરનો પાયાનો પથ્થર છે....

જન્મદિને વધામણી

જી પી પટેલ
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

રમેશભાઈ એચ પાઠક
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

એમ જી ચૌહાણ
૯૪૨૮૦૪૯૫૬૦
પૂર્વ ઉપાધ્યક્ષ,
સંતશ્રી રોહિદાસ સ્મૃતિ મંદિર અને સેવા સંકુલ, ગાંધીનગર

કોરોના ન્યૂઝથી દૂર કોરોનાને લગતા થોડાક રોચક તથ્યો :

ભારતીયો ઘરે બેઠા બેઠા પણ કોરોના વાયરસ ને લગતા પોતાના સવાલ નો જવાબ ગૂગલ દેવતા પાસે મેળવે છે.પોતાના સવાલો ના જવાબ માટે છેલ્લા ૨૧ દિવસ માં ભારતીયો દ્વારા કરવામાં આવેલ ઈન્ટરનેટ સર્ચ ટ્રેન્ડનું એક લિસ્ટ ગૂગલ દ્વારા બનાવવામાં આવ્યું છે.

છેલ્લા ૨૧ દિવસો દરમ્યાન ભારતીયોએ આ વસ્તુઓ અને વાતોને ગૂગલ પર સૌથી વધારે સર્ચ કરી છે.

● કોરોના વાયરસની ટિપ્સને ઈન્ટરનેટ પર ૧૦ મિલિયન એટલે કે ૧ કરોડ વાર સર્ચ કરવામાં આવી છે.

● કોરોના વાયરસને ઈન્ટરનેટ પર ૫૦ લાખ વાર ગોતવામાં આવ્યું છે.

● લોકડાઉન એકસ્ટેશનને પણ ગૂગલ પર ૧૦ લાખથી પણ વધારે વાર સર્ચ કરવામાં આવ્યો છે.

● અંગ્રેજીમાં ષ્ઈ્ટૈઙ્ક-૧૯ શબ્દને ગૂગલ પર ૭ લાખથી વધારે વાર ગોતવામાં આવ્યો છે.

● હાઈડ્રોક્સીકલોરોકવીન શબ્દને ગૂગલમાં ૬ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો છે.

● કોરોના વાયરસના લક્ષણોને ૫ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો છે.

● આરોગ્ય સેતુ એપને ઈન્ટરનેટ પર ૩.૨ લાખ વાર સર્ચ કરવામાં આવી છે.

● લોકડાઉન શબ્દને ગૂગલ પર ૨ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો છે.

● આરોગ્ય સેતુ શબ્દને ૨ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો છે.

● કોરોના વાયરસ પ્રિવેંશનને ગૂગલ પર ૨ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યું છે.

● ઈન્ડિયા કોવિડ-૧૯ ટ્રેકરને ૧.૨ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યા.

● આરોગ્ય સેતુ એપ્સ ડાઉનલોડને ૧ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો.

● લોકડાઉન ઈન ઈન્ડિયાને ૧ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો.

● બીસીજી વેક્સીનને ૧.૨ લાખથી વધારે સર્ચ કરવામાં આવ્યો.

● લોકડાઉન ઈન્ડિયાને ૧ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો.

● કોરોના અપડેટ ઈન્ડિયાને ૧ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો.

● લોકડાઉન ન્યુઝને ૧ લાખથી વધારે વાર સર્ચ કરવામાં આવ્યો.

● HCQને ૨૦ હજારથી વાર વધારે સર્ચ કરવામાં આવ્યો.

સૌજન્ય :- સત્ય ડે.com
- જૈનમ વી શાહ

સંત સવૈયાનાથ સમાધિ સ્થાન, ઝાંઝરકા દ્વારા જરૂરિયાતમંદ લોકોને ૧૧૦૦૦ કીટસનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

પ્રસિદ્ધ સંત સવૈયાનાથની જગ્યાના મહંત અને રાજયસભાના સાંસદ પુ.શંભુનાથજી મહારાજ દ્વારા કોરોના વાયરસથી મુશ્કેલી અનુભવતા જરૂરીયાતમંદ લોકોને અન્ન અને જીવન જરૂરી ખાદ્ય સામગ્રીનુ વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૧૦૦૦ જેટલી કીટો જેમાં ઘઉં, ચોખા, દાળ, ડુંગળી, મસાલા, બટાટા સહીત જરૂરી ચીજવસ્તુઓનો વાસ્તવમાં જેને જરૂરિયાત છે તેવા નાગરિકોને ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિતે કીટસનુ વિતરણ કરીને સાચી પુષ્પાજલી અર્પણ કરી હતી.

સમગ્ર કાર્યમાં લઘુ મહંતશ્રી યોગીનાથજી, શ્રી સતિષભાઈ ટુંડિયા, ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)ના ચેરમેનશ્રી ગૌતમભાઈ ગેડીયા, નાયબ મામલતદારશ્રી વનરાજસિંહ ભટ્ટી, સામાજિક અગ્રણીશ્રી કીર્તિભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવોએ રાજયવ્યાપી સંકલન કરી કીટસનુ વિતરણ કર્યું હતું.

ગાંધીનગર શહેરનાં બે યુવાઓ દ્વારા મૂંગા પ્રાણીઓની સેવા.... અત્યારે જ્યારે ચારે તરફ કોરોના મહામારી વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે .તેવા સમયે માનવતા પણ મહેકી ઉથી છે ફકત માનવ માનવ વચ્ચે તો પ્રેમ અને માનવતા વધી છે કોઈ પણ ભૂખ્યું નાં રહે તે માટે તંત્ર અને સેવાભાવી સંસ્થઓ આગળ આવી છે . તેવામાં ગાંધીનગર નાં સેકટર -૬ માં વસતા યુવામિત્રો વાઘેલા યોગેશ અને પિયુષ ચૌહાણ શ્વાન અને પક્ષીઓ ની વહારે આવ્યા છે. પ્રવર્તમાન પરિસ્થિતિ માં મૂંગા અને અબોલ જીવો ને માનવ તરફથી મળતું ખવાનું પૂરતું પ્રમાણે મળતું નથી, ત્યારે આ બને મિત્રો શ્વાન માટે ખાવાનું અને પખીઓ માટે ચણ ની વ્યવસ્થા કરી છે. આ બને મિત્રો વહેલી સવારે ઘરના ધાબા પર પંખીઓ માટે ચણ નાખે છે. જ્યારે બપોરે અને સાંજે શ્વાનને ખવરાવવા નું સેવાનું ઉમદા કાર્ય કરી રહ્યા છે. વાઘેલા યોગેશ અને પિયુષ ચૌહાણ પોતાની આજીવિકાનો અમુક હિસ્સો આવા અબોલ જીવોની સેવા માટે તૈયાર રાખે છે. તેઓનું માનવું છે ‘ માનવી તો બોલી ને પણ જરૂરિયાત પૂરી કરી શકશે, અને મદદ કરનારા પણ આગળ આવશે. પણ આવા સમયે આવા અબોલ પશુ પક્ષી ની તકલીફ અમે સમજી શકીએ છે’

કોવિદ-૧૯ની મહામારીને કારણે હાલમાં દરેક વ્યક્તિઓને ફેસ માસ્ક ખુબ જ જરુરી છે. પ્રવર્તમાન સમયમાં ફેસ માસ્કની અછત વર્તાઈ રહી છે. આવા કપરા સમયે પોતાના જીવને જોખમે ફરજ બજાવતા કર્મચારીઓ અને જરૂરિયાતમંદ લોકોને ફેસ માસ્ક પૂરું પાડવા નગરપાલિકા બીલીમોરા અને શ્રી સિદ્ધિ વિનાયક રુરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ દ્વારા દસ હજાર ફેસ માસ્ક બનાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી છે. પ્રતિદિન એક હજારની આસપાસ માસ્ક તૈયાર કરાઈ રહ્યા છે. ટેલરિંગ કલાસીસ બહેનો દ્વારા આ કાર્યમાં વિનામૂલ્યે સેવા અપાઈ રહી છે જે નગરજનોના મૂખે પ્રશંસાનો વિષય બન્યો હતો.

કલ્પતરૂ કંપની વર્ક ફ્રોમ હોમ ‘વેબિનાર’ દ્વારા વિવિધ વિષયના યોજે છે સેમિનાર

ગાંધીનગર, તા. ૧૬

કોરોના વાયરસ મહામારીના કારણે અત્યારે સમગ્ર ભારતમાં લોક ડાઉન જાહેર છે. અને સૌને પોત પોતાના ‘ઘરમાં રહીએ, સુરક્ષિત રહીએ’ના આદેશનું પાલન કરવા સૂચના છે ત્યારે કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન કંપની દ્વારા એક અનોખો ઉપક્રમ છેલ્લા પંદર દિવસથી ચાલી રહ્યો છે.

કલ્પતરૂ કંપની રોજ ‘વેબિનાર‘ દ્વારા વિવિધ વિષયના ટેકનિકલ, મેનેજમેન્ટ અને મોટિવેશન સેમિનાર યોજીને એમના સભ્યોને જ્ઞાન વધારવાનું કાર્ય કરીને રહી છે. આ સમગ્ર કાર્ય એચઆર પ્રેસિડેન્ટ એમ. એ. બારૈયાના દેખરેખમાં ચાલી રહ્યું છે. આ વેબિનારમાં સેવન ક્વૉલિટી ટુલ્સ - અમેય ટટ્ટુ, સીએનસી મશીન - રાકેશ ગાંગડિયા, સેફ્ટી - મહેન્દ્ર પટેલ, ટાવર પાર્ટસ - કમલેશ

બારોટ, વેલ્ડિંગ સિમ્બોલ - સતીષ મકવાણા, નોન ડિસ્ટ્રીક્ટીવ ટેસ્ટ - કુણાલ રાવલ, સ્ટીલ કોરોઝન પ્રોટેકશન - દેવાંગ જાની, ક્લિનિંગ લુબ્રિકન્ટ - નિલેશ મોણપરા, કલ્પતરૂ વેલ્યૂ વિથ મોરલ સ્ટોરી - સંજય થોરાત જેવા વૈવિધ્યસભર સેમિનાર યોજાય છે. આ વેબિનારમાં રોજ નિશ્ચિત સમયે ૧૨૫ થી વધુ સભ્યો જોડાય છે. સૌને પ્રોત્સાહિત કરવા અને વિશેષ ટિપ્પણી માટે ડી. બી. પટેલ, કમલ જૈન, ડી. એસ. ગાંધી, ધર્મેશ મહંત વગેરે અધિકારી જોડાય છે. આ કાર્યક્રમનું સંચાલન કે. ડી. ભાવસાર દ્વારા કરવામાં આવે છે જ્યારે મહેન્દ્ર પટેલ, અમેય ટટ્ટુ વેબિનારને સફળ બનાવે છે. ઘરમાં બેસીને વેબિનાર દ્વારા યોજાતા સેમિનાર કાર્ય સાથે જોડી રાખે છે.

એક બિંદુ થી બીજા બિંદુ સુધીનો વ્યાસ છે ??
અશ્વ જેવા અશ્વ સ્થંભે કોરોના નો ત્રાસ છે
માણસ સ્થંભ્યા વાહન સ્થંભ્યા સ્થંભ્યા સોના શ્વાસ
ભલભલા ની વાણી સ્થંમ્ભી કોરોનાનો ત્રાસ
મુછો વાંકડી શિરે પાઘડી ઉડ ઉડ કરે અંકાશ
અંકાશથી પણ પકડી પાડે કોરોના નો ત્રાસ રાસ
કોરોના થી ડરવાનું નહી લડવાનું છે ભૈયા ઓપન
મારી નાખો કચડી નાખો બંધ કરી દો શ્વાસ
લડવાનું જો હોય તમારે ઘરમાં રહીને લડજો
આ મસાણ ભૂમીમા ખડકાશે સોની લાશ

- મહેન્દ્રભાઈ રાઠોડ